માર્ગ અને મકાન વિભાગના કામોમાં ડીફેકટ
લાયેબીલીટી પીરીયડમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી/૧૦/૨૦૧૬/કલોઝ-૧૭ એ/સુધારો/(૧)/સ
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૫/૨૦૧૬

સંદર્ભઃ- માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ માંની જોગવાઇ

આમુખઃ-

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ નો ઉપયોગ કરવામાં આવે છે. આ કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડ માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડની જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉપરોકત બાબતે પુખ્ત વિચારણાના અંતે માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ માંના ડીફેકટ લાયેબીલીટી પીરીયડ અંગેના કલોઝ-૧૭ એ માંની જોગવાઇઓમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| Clause | Existing Provision | Modified Provision |
|---|---|---|
| 17 A (b) | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **6 months** from the certified date of completion or one monsoon, whichever is later. | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **12 months** from the certified date of completion or one monsoon, whichever is later. |
| 17 A (c) | For major projects costing more than **Rs. 1 crore**, period shall be **12 months** from the certified date of completion which should include one monsoon | For major projects costing more than **Rs. 1 crore**, **(amount put to tender)**, period shall be **36 months (thirty six)** from the certified date of completion or three monsoons, whichever is later. |

ઉપરોકત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધમાં માનનીય મંત્રીશ્રી (મા.મ.)ની તા.૧૦/૦૫/૨૦૧૬ના રોજ મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના ઇસ્યુ તારીખથી ઉપરોકત સુધારેલ જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર